## સંશોધન નિયામકશ્રીની કચેરી
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ-૩૮૮ ૧૧૦

વંચાણે લીધો: (૧) જા. નં. આકૃયુ/સંનિ/ટી-૨/૨૮૮૯/૨૦૨૧, તા: ૨૬/૦૭/૨૦૨૧
(૨) જા. નં. આકૃયુ/સંનિ/ટી-૨/૩૧૮૬/૨૦૨૦, તા: ૦૫/૦૯/૨૦૨૦

:: પ રિ પ ત્ર ::

**ખાસ અગત્યનું**

આથી આણંદ કૃષિ યુનિવર્સિટીના સર્વે યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, ટૂંકા કે લાંબા સમયની ટ્રેનીંગ કે અન્ય પ્રોગ્રામમાં જે-તે વૈજ્ઞાનિકશ્રીઓ/કર્મચારીશ્રીઓનું Online કે Off-line mode દ્વારા ભાગ લેવા માટે નોમીનેશન કરવાનું થતું હોઇ તે માટેની અરજીઓ જે તે કોર્સ ડાયરેક્ટર/આયોજક સંસ્થાને મોકલવા માટે અત્રેની કચેરીમાં ભલામણ અર્થે ફરજીયાત મોકલી આપવાની હોય છે. જેમાં સબંધિત વિભાગના યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જે તે વૈજ્ઞાનિક/કર્મચારીના subject/field/activities ને સંલગ્ન ઇવેન્ટ છે કે નહી તેની પુરતી ચકાસણી કર્યા વગર અરજીઓ અત્રે મોકલી આપતા હોય છે તેમજ **કેટલાક કિસ્સામાં જે તે સંસ્થામાં અત્રેની કચેરીની ભલામણ/મંજુરી વગર બારોબાર ઓનલાઇન અરજી ફોરવર્ડ/સબમીટ કરેલ હોય અને સીલેક્શન થતા જે તે કર્મચારી દ્વારા ઓનલાઇન તાલીમમાં જોડાઇ ગયા હોય તેવું અત્રેની કચેરીના ધ્યાન પર આવેલ છે,** જે યોગ્ય નથી.

ટૂંકા કે લાંબા સમયની તાલીમ કે અન્ય પ્રોગામમાં ઓફલાઈન/ઓનલાઈન ભાગ લેવા અત્રેથી નોમીનેશન કરવાનું થતું હોય તે માટેની અરજી યુનિવર્સિટીનાં સુધારેલ નવા નિયત પ્રોર્ફોમાં (સામેલ છે) પ્રમાણેજ ઓફલાઇન કરવી અને સબંધિત વિભાગના યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને અરજી કરનાર વૈજ્ઞાનિક/કર્મચારીના subject/field/activities તાલીમ કે અન્ય પ્રોગ્રામમાં માંગેલ જરૂરી eligibility and selection criteria તથા objective સાથે સુસંગત છે કે નહી તે તપાસી અને તેની સ્પષ્ટ ભલામણ અને રીમાકર્સ સાથે કાર્યક્રમના ઓછામાં ઓછા દસ દિવસ પહેલા અત્રેની કચેરીને મળી જાય તે રીતે મોકલવા જણાવવામાં આવે છે. આ પરિપત્ર બાદ અરજી નોમીનેશન અર્થે મોકલવાની થાય ત્યારે ઉપરોક્ત ક્ષતિઓ ન રહી જાય તે અંગે સબંધિત વિભાગના યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓનું ધ્યાન દોરવામાં આવે છે. અને જો આવી ચૂક થશે તો અરજી દફતરે કરવામાં આવશે. અને આ અંગેની જવાબદારી સબંધિત વૈજ્ઞાનિક/ કર્મચારી તથા વિભાગના યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ ની રહેશે.

વંચાણે લીધેલ સંદર્ભ-૨ (પરિપત્ર) નો મુદા નંબર ૯ રદ ગણી અને હવે જ્યારે પણ Training/ Workshop/ Seminar/ Symposium/ Conference/ Group Meeting માં Online ભાગ લેવા કે Off-line mode માં ભાગ લેવા જવાનું થાય ત્યારે ઓનલાઇન ટુર પ્રોગ્રામ (આધાર સામેલ કરવા જેવા કે University Proforma/ Confirmation Letter/ Abstract or Paper Approval Letter/ Abstract or

Paper Acceptance Letter/ Brochure/ Invitation Letter etc.) દ્વારા જ મંજુરી મેળવીને ભાગ લેવા/ જવાનું રહેશે અને જ્યારે ઉપરોકત ઇવેન્ટ આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે હોઇ ત્યારે Organizing Secretary/ Director/ Organizer સાથે જરુરી પરામર્શ કરી ઓનલાઇન ટુર પ્રોગ્રામ દ્વારા અથવા Organizing Secretary એ એક સાથે ગ્રુપમાં ઓફલાઈન મંજુરી લેવાની રહેશે.

વંચાણે લીધેલ પરિપત્રની બાકીની બાબતો યથાવત અમલી રહેશે.

સદર પરિપત્ર યુનિવર્સિટીની કામગીરીની જરૂરિયાત તથા પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇ યુનિવર્સિટી હિતાર્થે બહાર પાડવામાં આવે છે. જેનો ચુસ્તપણે અમલ કરવા/કરાવવા આથી જણાવવામાં આવે છે.

સામેલ: પ્રોર્ફોમાં

જા.નં. આકૃયુ/સંનિ/ટી-૨/ ૮૬૩૧ /૨૦૨૩

તારીખ: ૧૬/૧૦/૨૦૨૩

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

**નકલ સવિનય રવાના :**

માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ., આણંદ જાણ સારૂ

**નકલ રવાના જાણ તથા અમલ થવા :**

૧) યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ.
૨) આણંદ કૃષિ યુનિવર્સિટીના સર્વે યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ/વૈજ્ઞાનિકશ્રીઓ/કર્મચારીશ્રીઓ તરફ જાણ તેમજ ચુસ્તપણે અમલ કરવા સારૂ.
૩) નિયામકશ્રી, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, આ.કૃ.યુ., આણંદ તરફ પરિપત્ર એએયુ વેબસાઇટમાં સરક્યુલર સેક્શન પર મૂકવા સારૂ.

# ANAND AGRICULTURAL UNIVERSITY
## University Proforma
### (for Nomination/ Approval of Training/ Seminar/ Symposium/Workshop/ Conference/ Group meeting/ Refresher/ Orientation course/ Foreign tour etc.)

| | | |
|---|---|---|
| Title of Training/Course | : | |
| Venue & Duration | : | |
| Actual Journey period (Dates) | : | |
| Full Address of Organizer | : | |
| Mode | : | Online/ Off-line |

**Applicant Information:**

| S. N. | Particulars | | Details |
|---|---|---|---|
| 1. | Applicant Full Name & Designation | : | |
| 2. | Qualification (Field of specialization) | : | |
| 3. | Office address | : | |
| 4. | Office contact number (with code) & E-mail ID | : | |
| 5. | Applicant Mobile number (WhatsApp) | : | |
| 6. | Applicant E-mail ID | : | |
| 7. | Gender (Male / Female) | : | |
| 8. | Date of Birth | : | |
| 9. | Marital Status | : | |
| 10. | Probation period cleared? | : | |
| 11. | Date of Joining | : | |
| 12. | Total years of service | : | |
| 13. | Present Responsibility | : | |
| 14. | Justification and Utility of the proposal | : | |
| 15. | Number of all type of Training/ Seminar/ Symposium/ Workshop/ Conference/ Group meeting/ Refresher/ Orientation course/ Foreign tour and any other programmes etc. attended. (As per academic year) | : | (see table below) |
| 16. | **Anticipated Expenditure (Rs.)** | | |
| | 1. Registration fee | : | |
| | 2. TA | : | |
| | 3. DA | : | |
| | 4. B.H.(Agency) | : | |
| | 5. Any other expenditure | : | |
| 17. | Mode of traveling | : | Train/ Bus/ Own Vehicle/ Uni. Vehicle / Air |

| Particulars | Current year | Total |
|---|---|---|
| Long term training | | |
| Short term training | | |
| Workshop/Group Meeting | | |
| Seminar | | |
| Symposium | | |
| Conference | | |
| Foreign tour | | |
| Other | | |
| **Total** | | |

**Signature of Applicant**

**Sign & Seal and Remarks/ Recommendation of the HOD**

**CERTIFICATE**

**"It is certified that the information furnished on the basis of the office record was found correct" and needful arrangement for office work in the absence of trainee has been made. The application is recommended based on the relevance of the programme with the subject/field/activities justifying the requirement of the University.**

**Sign & Seal and Remarks/ Recommendation of the Principal/ Unit Head**